પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૭૨ | ૨ સપ્ટેમ્બર, ૨૦૧૯, સોમવાર; ભાદરવા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## કેરળના ગવર્નર તરીકે આરીફ મોહમ્મદ નિમાયા

**કલરાજ મિશ્ર-રાજસ્થાનના, મહારાષ્ટ્રમાં ભગતસિંહ કોશિયારી, હિમાચલ પ્રદેશમાં બંદારૂ દત્તાત્રેય, અને તેલંગણામાં ટી.એસ. રાજનની ગવર્નર તરીકે નિમણુંક**

નવીદિલ્હી,તા.૧

દેશના જુદા જુદા રાજ્યમાં રાજ્યપાલોની બદલીઓના આદેશ આજે જારી કરવામાં આવ્યા હતા. જે રાજ્યોમાં રાજ્યપાલોને બદલી દેવામાં આવ્યા છે તેમાં તેલંગાણા, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ અને રાજસ્થાનમાં પણ નવા રાજ્યપાલોની નિમણૂંક કરવામાં આવી છે. રાષ્ટ્રપતિ ભવન તરફથી જારી કરવામાં આવેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે, આરીફ મોહમ્મદ ખાનને કેરળના નવા રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. રાજીવ ગાંધી સરકારમાં મંત્રી રહી ચુકેલા આરીફ મોહમ્મદ ખાનને કેરળને નવા રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. આરીફને એક પ્રગતિશીલ મુસ્લિમ ચહેરા તરીકે જોવામાં આવે છે. ત્રિપલ તલાક જેવા મુદ્દા ઉપર તેઓએ સ્પષ્ટપણે પોતાના અભિપ્રાય આપ્યા હતા અને આ નિર્ણયને મુસ્લિમ મહિલાઓ માટે યોગ્ય નિર્ણય ગણાવ્યો હતો. આરીફ મોહમ્મદ ખાન લાંબા સમયથી રાજનીતિથી દૂર રહ્યા છે. ૧૯૮૪માં શાહબાનુ કેસમાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને સંસદ દ્વારા કાનૂન બનાવીને બદલી દેવામાં આવ્યા બાદ આનો વિરોધ કરવામાં આવ્યો હતો જેના લીધે કેન્દ્રીય મંત્રીપદથી તેઓએ રાજીનામુ આપ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર




## પાકિસ્તાન રાહુલ ગાંધીના નિવેદનનો ઉપયોગ કરે છે

**નવી સરકાર આવતાની સાથે કલમ ૩૭૦ને દૂર કરવાની હિંમત કરવામાં આવી છે : કલમ ૩૭૦ નાબૂદ કરવાનો નિર્ણય આતંકવાદની કબરમાં છેલ્લો ખીલ્લો ઠોકવા સમાન હતો : અમિત શાહ**

સિલવાસા,તા.૧

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દૂર કરવાનો વિરોધ કરવા બદલ કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહાર કર્યા હતા. શાહે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને દૂર કરવાનો વિરોધ કર્યો હતો. એટલું જ નહીં રાહુલ ગાંધીના નિવેદનોને તો પાકિસ્તાને પોતાના ભાષણમાં સામેલ કર્યા હતા. કોંગ્રેસને શરમજનક સ્થિતિ મુકાઈ જવાના બદલે રાહુલ ગાંધીને બચાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. રાહુલ ગાંધીના નિવેદનોનો ઉપયોગ ભારતની સામે કરવામાં આવી રહ્યો છે. કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલીમાં આયોજિત એક કાર્યક્રમમાં બોલતા શાહે કહ્યું હતું કે, છેલ્લા સંસદ સત્રમાં મોદીએ ઐતિહાસિક નિર્ણય કર્યા હતા. કલમ ૩૭૦ અને ૩૫એ દેશના એકીકરણમાં અડચણરુપ બની ગયા હતા. મોદીને ફરીથી વડાપ્રધાન બનાવવામાં આવ્યા બાદ તેઓએ લોકોની ઈચ્છાને ધ્યાનમાં લઈને સંસદના પ્રથમ સત્રમાં જ કલમ ૩૭૦ને ખતમ કરી દેવા માટેની જાહેરાત કરી હતી. મોદી ઉપરાંત અન્ય કોઈપણ આ કામ કરી શકે તેમ નથી. ભાજપ અધ્યક્ષે કહ્યું હતું કે, કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં વિકાસના તમામ રસ્તા ખુલી ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# બેંકોના મર્જરથી કોઈ કર્મીની નોકરી નહીં જાય : સીતારામન



**દેશમાં કોઇપણ પ્રકારની આર્થિક મંદી હોવાનો સાફ ઇન્કાર કર્યો : ઉદ્યોગના પ્રતિનિધિઓને મળીને તેમની સમસ્યા જાણવાના પ્રયાસો થઇ રહ્યા છે : મોટાભાગની નોકરી અનૌપચારિક ક્ષેત્રોમાં સર્જાય છે જેથી આંકડા નથી**

ચેન્નાઈ, તા. ૧

નાણામંત્રી નિર્મલા સીતારામને આજે એવા તમામ અહેવાલોને રદિયો આપ્યો હતો કે, જાહેર ક્ષેત્રની બેંકોના મર્જરના કારણે મોટી સંખ્યામાં લોકોની નોકરી જતી રહેશે. નાણામંત્રીએ કહ્યું હતું કે, બેંકોના મર્જરના લીધે એક પણ નોકરી જશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે, એક પણ કર્મચારીને મર્જર બાદ દૂર કરવામાં આવનાર નથી. આ પ્રકારના અહેવાલ ખોટા છે. તેઓ આ બેંકોના દરેક વ્યક્તિને અને દરેક યુનિયનને ખાતરી આપવા માંગે છે કે, છેલ્લા શુક્રવારે જે વાત કરી હતી તે જ વાત તેઓ આજે કહી રહ્યા છે કે, બેંકોના મર્જરના લીધે એક પણ કર્મચારીની નોકરી જનાર નથી. બેંક કર્મચારી યુનિયન દ્વારા મર્જરના પ્લાનને લઈને વિરોધ કરવાની તૈયારી કરવામાં આવી રહી છે તે અંગે પૂછવામાં આવતા સીતારામને કહ્યું હતું કે, એકપણ કર્મચારીની નોકરી જશે નહીં. સીતારામને શુક્રવારના દિવસે ૧૦ મોટી જાહેર ક્ષેત્રની બેંકોને ચાર બેંકોમાં ફેરવી નાંખવાના મેગા પ્લાનની જાહેરાત કરી હતી. વિશ્વમાં આવી સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે ભારતમાં પણ આ દિશામાં પહેલ થઈ રહી છે. સીતારામને અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા માટે શ્રેણીબદ્ધ પગલાઓ અને બુસ્ટરની જાહેરાત કરવામાં આવી રહી છે ત્યારે કેટલાક યુનિયનો દ્વારા વિરોધની વાત કરવામાં આવી રહી છે. સરકારના પ્લાન અંગે વાત કરતા ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ યુનિયને કહ્યું છે કે, ઘણા કર્મચારીઓ પોતની નોકરી ગુમાવી દેશે. સીતારામને કહ્યું છે કે, આર્થિક મંદીને લઈને જે અહેવાલો આવી રહ્યા છે તેમાં ઘણી બધી ચીજો વાસ્તવિક દેખાઈ રહી નથી. દેશમાં મંદીનો માહોલ હોવાનો પણ સીતારામને આજે ઈન્કાર કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર સમાચાર

**મિચ્છામી દુક્કડમ્**

સંવત્સરીના પાવન પર્વે જૈન અને જૈનેતર પરિવારોને ગાંધીનગર સમાચાર મિચ્છામી દુક્કડમ્ પાઠવે છે.

- તંત્રી

## આર્થિક કટોકટી માટે મોદી સરકારની નીતિ કારણરૂપ : મનમોહનસિંહ

**નોટબંધી જેવા ખોટા નિર્ણયોથી મંદી : જીએસટીને ખોટા સમયે અમલી કરવા નિર્ણય થયો હતો મોટાપાયે લોકોની રોજગારી જતી રહી છે : મનમોહનસિંહ**

નવીદિલ્હી,તા.૧

પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આજે દેશના જીડીપી ગ્રોથમાં આવેલા ઘટાડાને લઈને મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા. આર્થિક મંદી માટે સીધીરીતે મોદી સરકારને જવાબદાર ઠેરવતા મનમોહનસિંહે કહ્યું હતું કે, આ મેન મેડ ક્રાઈસીસ તરીકે છે. યોગ્ય સંચાલન નહીં થવાના લીધે આ સમસ્યાઓ ઉભી થઈ છે. ટોચના અર્થશાસ્ત્રી મનમોહનસિંહે કહ્યું હતું કે, છેલ્લા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ પાંચ ટકા રહ્યો છે. આનાથી સમજી શકાય છે કે, દેશ



લાંબા ગાળામાં મંદીના દોરમાં છે. ભારતની પાસે વધુ ઝડપથી ગ્રોથ કરવાની ક્ષમતા રહેલી છે પરંતુ મોદી સરકાર દ્વારા ચારેબાજુ ઝડપથી અયોગ્ય વ્યવસ્થા કરવામાં આવી રહી છે. મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં નબળા ગ્રોથ પર મોદી સરકાર પર પ્રહાર કરતા મનમોહનસિંહે કહ્યું હતું કે, આમા ટકાવારી માત્ર ૦.૬ ટકા રહ્યો છે. આનાથી સ્પષ્ટ છે કે અમારા અર્થતંત્ર પર નોટબંધી જેવા પગલાની ખોટી અસર થઈ રહી છે. નોટબંધી જેવી ભુલોથી હજુ અર્થતંત્ર બહાર આવી શક્યું નથી. આ ઉપરાંત ખોટીરીતે જીએસટીને અમલી કરવાના લીધે પણ નુકસાન થયું છે. પૂર્વ વડાપ્રધાને કહ્યું હતું કે, સ્થાનિક

● અનુસંધાન પાન-૭ પર

## બુમરાહે માત્ર ૧૬ રનમાં છ વિકેટ લઈ તરખાટ મચાવ્યો

**ભારત-વિન્ડિઝ વચ્ચેની બીજી ટેસ્ટમાં વિન્ડિઝે માત્ર ૮૭ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી : પ્રથમ ટેસ્ટ મોટા અંતરથી જીતી લીધા બાદ બીજી-અંતિમ ટેસ્ટમાં ભારતનો વિજય નિશ્ચિત : વિન્ડિઝનો ફ્લોપ શો**

કિંગ્સ્ટન,તા. ૧

કિંગ્સ્ટન ખાતે રમાઈ રહેલી બીજી અને અંતિમ ટેસ્ટ મેચ પણ અતિ રોમાંચક બની ચુકી છે અને ભારત વધુ એક જીત તરફ આગળ વધી રહ્યું છે. બીજી ટેસ્ટ મેચના બીજા દિવસે વેસ્ટ ઈન્ડિઝની પ્રથમ ઈનિંગ્સમાં ઝડપી બોલર બુમરાહે હેટ્રિક સહિત છ વિકેટ ઝડપી લીધી હતી. બુમરાહના ફરી એકવાર તરખાટની સામે વેસ્ટઈન્ડિઝની ટીમે ૩૩ ઓવરમાં માત્ર ૮૭ રનમાં સાત વિકેટ ગુમાવી દીધી હતી. રમત બંધ રહી ત્યારે હેમિલ્ટન ૨ અને કોર્નવેલ ચાર રન સાથે રમતમાં હતા. હેટમાયર વિન્ડિઝ તરફથી ટોપ ઓર્ડરના તમામ બેટ્સમેનોએ કંગાળ દેખાવ કર્યો હતો. વેસ્ટઈન્ડિઝ ટીમના બેટ્સમેનોની કંગાળ બેટિંગથી સ્થાનિક ક્રિકેટ ચાહકોમાં નિરાશાનું મોજુ ફરી વળ્યું હતું.



### ન્યુઝ ટ્રેક

**૩૧મીએ વિક્રમી ઈ-રીટર્ન ભરાયા**

આવકવેરાના ઈ-રીટર્ન ભરવાના અંતિમ દિવસે એટલે કે એક જ દિવસમાં ૪૯,૨૯,૧૨૧ ઈ-રીટર્ન ફાઈલ થયા હતા.

**ઓટો ક્ષેત્રમાં જીએસટી ઘટાડાશે**

દેશમાં ઓટોમોબાઈલ ક્ષેત્રમાં છેલ્લા ત્રણ મહિનાથી મંદીના વાદળો ઘેરાયા છે ત્યારે ઓટોમોબાઈલ ક્ષેત્રમાં ઉત્પાદન અને વેચાણ વધારવા કેન્દ્ર સરકાર ગંભીરતાથી વિચારી રહી છે જેનો નાણામંત્રી નિર્મલા સીતારામને સંકેત આપ્યો છે.

## ચંદ્રયાન-૨ અંત્યત મહત્ત્વપૂર્ણ મિશન : લેન્ડિંગ પર સમગ્ર દુનિયાની નજર : નાસાના પૂર્વ એસ્ટ્રોનોટ ડોનાલ્ડ થોમસ


કોયમ્બતૂર,તા.૧

ભારતનું મહત્વકાંક્ષી ચંદ્રયાન-૨ મિશન સાત સપ્ટેમ્બરે ચંદ્રની સપાટી પર લેન્ડ કરશે. નાસાના પૂર્વ એસ્ટ્રોનોટ ડોનાલ્ડ એ થોમસે રવિવારે કહ્યું કે ચંદ્રયાન-૨ જ્યારે ચંદ્ર પર લેન્ડ કરશે ત્યારે અમેરિકાની સ્પેસ એજન્સી સહિત સમગ્ર વિશ્વની તેના પર નજર રહેશે. ચંદ્રયાન-૨ પહેલું યાન છે જે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરશે. પાંચ વર્ષ બાદ અહીં એસ્ટ્રોનોટ ઉતારવાની નાસાની યોજના છે. નાસા જ નહિ પરંતુ આખી દુનિયા ભારતના આ મિશનને લઈને ઉત્સુક છે.

કોયમ્બતૂરની પાર્ક કોલેજ ઓફ એન્જિનયરિંગના એક કાર્યક્રમમાં સામેલ થવા માટે થોમસ પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે પત્રકારોને કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

જન્મજાત હોઠ અને તાળવાની ખોડખાંપણ



ફ્રી કેમ્પ દર ગુરૂવારે

જાજુ પ્લાસ્ટીક સર્જરી સેન્ટર

હિન્દુ કોલોની પાછળ, સ્ટેડીયમ, નવરંગપુરા, અમદાવાદ. ટે: ૨૬૪૦ ૪૯૯૦ - ૨૬૪૦ ૪૯૯૧

સૌજન્ય :

SMILE TRAIN (USA) & Jaju Plastic Surgery Foundation

ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

